# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, આયુર્વેદએ માત્ર રોગોનું નિદાન જ નથી કરતું, પરંતુ જીવન જીવતાં શીખવતું વિજ્ઞાન છે
2. રાજ્યના પંચાયત હસ્તકનાં વર્ગ ત્રણનાં આરોગ્ય કર્મચારીઓ આજથી અચોક્કસ મુદતની હડતાળ પર.
3. પ્રવાસન મંત્રી મુળુ બેરા એ સુરેન્દ્રનગર જિલ્લામાં 15 કરોડ રૂપિયાનાં ખર્ચે બનનારા પુલનું ખાતમુર્હુત કર્યું.
4. છોટાઉદેપુર જિલ્લામાં કવાંટ ખાતે વિશ્વવિખ્યાત ગેરનો ભાતીગળ મેળો યોજાયો
5. રાજ્યમાં તાપમાનમાં ઘટાડો થવાથી ગરમીથી આંશિક રાહત મળી – તાપમાન 40 ડિગ્રીથી નીચે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RUSHIKESH VANDE AYUCON

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , આયુર્વેદએ માત્ર રોગોનું નિદાન જ નથી કરતું, પરંતુ જીવન જીવતાં શીખવતું વિજ્ઞાન છે. ગઈકાલે અમદાવાદમાં 'વંદે આયુકોન-2025' કાર્યક્રમમાં શ્રી પટેલે જણાવ્યું કે આયુર્વેદના ચિકિત્સકોએ તેમને ડૉક્ટર તરીકે ઓળખાવવાના બદલે વૈદ્ય તરીકે ઓળખ આપવામાં ગૌરવ અનુભવવું જોઈએ.

**(બાઇટ: ઋષિકેશ પટેલ આરોગ્ય મંત્રી )**

આ પ્રસંગે આયુષ મંત્રાલયના સચિવ રાજેશ કોટેચાએ જણાવ્યું કે છેલ્લાં ૧૦ વર્ષમાં આયુર્વેદિક ઉત્પાદનોનું ટર્નઓવર ૨.૮૫ અબજ ડૉલરથી વધીને ૨૪ અબજ ડૉલર થયું છે. તેમણે કહ્યું છેલ્લાં દસ વર્ષમાં આયુર્વેદનો ઉપયોગ કરનારા લોકોની સંખ્યા પાંચ ટકાથી વધીને આશરે 50 ટકા સુધી પહોંચી છે.આ કાર્યક્રમમાં આયુર્વેદ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનારા શ્રેષ્ઠ આયુર્વેદ ચિકિત્સકોને સન્માનિત કરાયા હતા અને રાજ્યમાંથી પસંદ થયેલા 11 શ્રેષ્ઠ આયુર્વેદિક ક્લિનિકને 'બેસ્ટ ક્લિનિક-2025' પુરસ્કાર એનાયત કરાયો હતો. ઉપરાંત 500 ચિકિત્સકોને નિઃશુલ્ક ક્લિનિક ઓપીડી સોફ્ટવેર પણ અપાયું હતું.

. . . . . . . . . . . . .

# HEALTH EMPLOYEES STRIKE

રાજ્યના પંચાયત હસ્તકનાં વર્ગ ત્રણનાં આરોગ્ય કર્મચારીઓએ તેમનાં પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા આજથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરશે. આરોગ્ય કર્મચારી મહાસંઘે જણાવ્યું છે કે , ટેકનિકલ ગ્રેડ-પે સહિતનાં મુદ્દાનો ઉકેલ ન આવતા તાજેતરમાં ગાંધીનગર સહિતનાં જિલ્લાનાં આરોગ્ય કર્મચારીઓએ સામૂહિક રજા પર ઉતરીને સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શન નોંધાવ્યો હતો. જોકે કોઈ સકારાત્મક ઉકેલ ન આવતા આજથી કામથી અળગા રહેવાની જાહેરાત કરાઈ છે.

. . . . . . . . . . . . .

# VADHVAN CHUDA BRIDGE

પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા અને નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાના હસ્તે ગઈકાલે વઢવાણ-વાઘેલા-વસ્તડી-ચુડા રોડ પર નવા બ્રિજના બાંધકામનું ખાતમુર્હુત કરાયું. અંદાજે ૧૪ કરોડ ૯૨ લાખ રૂપિયાના ખર્ચે બનનારા ૨૦૦ મીટર લાંબા આ બ્રિજના નિર્માણથી સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ અને ચુડા તાલુકાના અંદાજિત ૪૫ ગામોના લોકોને અમદાવાદ , રાજકોટ નેશનલ હાઇવે સાથે જોડાણ મળી રહેશે. આ પ્રસંગે નાયબ દંડક જગદીશ મકવાણાએ જણાવ્યું કે જિલ્લાના ટુવા, ગુંદિયાણા, ખોલડીયાદનો રસ્તો ૮૩ લાખના ખર્ચે નવો બનશે.

આ પ્રસંગે મંત્રી મુળુભાઈ બેરાએ આ માહિતી આપી..

(બાઈટ --- મુળુ બેરા)

. . . . . . . . . . . . .

# JAMNAGAR HOSPITAL MULU BERA

વન મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું છે કે જામનગરની ગુરુ ગોવિંદસિંઘ જનરલ હોસ્પિટલનું નવનિર્માણ કાર્ય ત્રણ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

ગઈકાલે શ્રી બેરાએ હોસ્પિટલની મુલાકાત લઇને ઉભી કરવામાં આવેલી વૈકલ્પિક વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. શ્રી બેરાએ જણાવ્યું કે , રાજ્ય સરકાર દ્વારા ગુરુ ગોવિંદસિંઘ હોસ્પિટલના નવનિર્માણ માટે બજેટમાં જરૂરી રકમની ફાળવણી કરવામાં આવી છે.

74 એકર વિસ્તારમાં ફેલાયેલી જી.જી.હોસ્પિટલ તથા શ્રી એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ ખાતે 15 જેટલા હોસ્પિટલ બિલ્ડીંગ , 70 સ્ટાફ ક્વાર્ટર , નર્સિંગ કોલેજ તથા હોસ્ટેલ બિલ્ડીંગ સહિતની સુવિધાઓ નિર્માણ પામશે.

. . . . . . . . . . . . .

# SATOKBA VADI LOKARPAN

સિદ્ધપુર તાલુકાના લાલપુર ગામે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં સંતોકબા રાજપૂતે ગામના દરેક પ્રસંગો માટે નવનિર્મિત "સંતોકબા વાડી"નું લોકાર્પણ કર્યું હતું.

. . . . . . . . . . . . .

# Kuvarbhai Halpati -Checkdem

આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં વેર નદી અને તેની પ્રશાખાઓ પર પર ૯ કરોડ ૯૬ લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનાર નવ મોટા ચેક ડેમોના કામોનું ખાતમુહૂર્ત કર્યું.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# SURAT OLPAD JALSANCHAY KHATMUHRUT

વન અને પર્યાવરણ  રાજ્ય મંત્રી મુકેશ પટેલે ગઈકાલે સુરતના ઓલપાડ તાલુકાના ૧૦૪ ગામ માટે  ૧૦ હજાર વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચરોનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય જળ શક્તિમંત્રી સી.આર.પાટીલે વર્ચ્યુઅલ સંબોધન કરતા જણાવ્યું કે, દેશમાં લગભગ ૭૦૦ જિલ્લામાં જળસંચય માટે દરેક જિલ્લામાં ૭૫ તળાવો બનાવવામાં આવ્યા છે.

આ પ્રસંગે  શ્રી પટેલે જણાવ્યું કે  ,ઓલપાડમાં દસ હજાર રેઇન  વોટર હાર્વેસ્ટીંગના કામો પૂર્ણ કરવામાં આવશે. તેમણે કહ્યું જળસંચયની યોજના જળસ્રોતો અને પર્યાવરણના રક્ષણ સાથે ભાવિ પેઢીને સમૃદ્ધ જળવારસો આપવાનું માધ્યમ બનશે.

. . . . . . . . . . . . .

# GER MELO

છોટાઉદેપુર જિલ્લામાં કવાંટ ખાતે હોળીના ત્રીજા દિવસે પરંપરાગત વિશ્વવિખ્યાત ગેરનો મેળો યોજાયો હતો. શરીરે સફેદ માટીના ટપકા અને મોરપીંચ્છની ટોપી પહેરી લયબદ્ધ નૃત્યુ કરતા ઘેરૈયાઓ મેળા દરમિયાન સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ગેરનો મેળો આદિવાસી સમાજની પરંપરા , લોકસંસ્કૃતિની ઝાંખી કરાવે છે. આ અંગે રાજ્યના કેબિનેટ મંત્રી કુબેર ડીંડોરે આ માહિતી આપી..

(બાઈટ ---કુબેર ડીંડોર)

. . . . . . . . . . . . .

# Weather

રાજ્યમાં તાપમાનમાં ઘટાડો થવાથી ગરમીથી આંશિક રાહત મળી છે. રાજ્ય ઉપર હાલમાં પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવનો ફુંકાઈ રહ્યા છે , જેથી તાપમાનમાં ઘટાડો થયો છે.

પ્રસ્તુત છે અહેવાલ..

(વોઈસ કાસ્ટ – અનિલ પટેલ)

*છેલ્લાં 24 કલાકમાં રાજ્યનાં તમામ શહેરોમાં 40 ડિગ્રીથી ઓછું તાપમાન રહ્યું હતું. અમદાવાદમાં 36.7 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે સતત ત્રીજા દિવસે ગરમીમાં ઘટાડો થયો હતો. રાજકોટમાં 37.9 , ભૂજમાં 36.1, અમરેલીમાં 37.8, વડોદરામાં 37.4 , સુરતમાં 36.2 , ગાંધીનગરમાં 36.5 , ડીસામાં 36.7 અને ભાવનગરમાં, 35.7 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.*

*હવામાન વિભાગે રાજ્યમાં આગામી છ દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના છે. આ સાથે જ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફારની શક્યતાઓ નહિવત છે. પરંતુ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.*

*અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ*

. . . . . . . . . . . . .

# GIR SOMNATH-SHINGODA DAM

ગીર સોમનાથનાં શિંગોડા ડેમનો એક દરવાજો 2 ફૂટ ખોલાતા શીંગવડા નદીમાં પાણીની ભારે આવક થઈ છે.આ ડેમના દરવાજા બદલવાની કામગીરીને પગલે નદીમાં પાણી છોડાયુ છે.

સાવચેતીના ભાગરૂપે આસપાસના જામવાળા , ઘાટવડ સુગાળા અને દુદાણા સહિતના 12 ગામો તેમજ કોડીનાર શહેરના લોકોને સાવચેત કરાયા છે. આ અંગે સિંચાઇ વિભાગના અધિકારીએ આ માહિતી આપી.

બાઈટ-1-કે.ડી. ચાવડા.(સેક્શન ઑફિસર શિંગોડા સિંચાઈ વિભાગ)

. . . . . . . . . . . . .

# RSS-SIMA SANGHOSH KARYKRAM

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગુજરાત પ્રાંત વિભાગ દ્વારા સંઘની શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે બનાસકાંઠાના નડાબેટ ખાતે સીમા સંઘોષ નામનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સ્વયંસેવકો દ્વારા ઘોષ વાદન કરાયું હતું. બનાસકાંઠા અને અન્ય જિલ્લામાંથી સ્વયંસેવકો ઉપરાંત નડાબેટ ખાતે આવેલા પ્રવાસીઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .